# Rakhewal

## Daiwik Hotels to open its 3rd specialty pilgrimage property in Dwarka, G

**Date: 23/01/2013 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 15**

**Clip: 1 of 1**


# દૈવિક હોટેલ્સ ગ્રેસીયસ હોસ્પિટાલીટી પ્રા.લી.ની રચના માટે પબુભા માણેક પરિવાર સાથે હાથ મીલાવ્યા

અમદાવાદ

ભારતની સૌ પ્રથમ ફોર સ્ટાર પીલગ્રીમ હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સે દ્વારકાના અગ્રણી ઉદ્યોગ જુથ પબુભા માણેક પરિવાર સાથે સંયુકત સાહસ શરૂ કર્યુ છે. ગ્રેસીયસ હોસ્પિટાલીટી પ્રા.લી.ના નામ હેઠળ સંચાલિત આ સંયુકત સાહસ દ્વારકામાં સૌ પ્રથમ મિલ્કતની સ્થાપના સાથે ગુજરાતમાં પીલગ્રીમેજ હોસ્પિટાલીટીનો અજોડ કન્સેપ્ટ રજુ કરશે. સુચિત દૈવિક હોટેલ્સ દ્વારકા હોટલ અંદાજીત રૂા.૪૫ કરોડના પ્રારંભિક રોકાણ સાથે એક ગ્રીન ફિલ્ડ પ્રોજેકટ હશે અને તે વર્ષ ૨૦૧૫ સુધીમાં કાર્યાન્વિત થશે. ગુજરાતમાં હોસ્પિટાલીટી ક્ષેત્રે આ પ્રકારનું સૌ પ્રથમ સાહસ શરૂ થયું છે જે માત્ર રાજયમાં યાત્રાધામોના પ્રવાસીઓને સુવિધા અને સાનુકુળતા પુરી પાડવા કટીબદ્ધ છે. દ્વારકામાં વાર્ષિક સરેરાશ ૫૦ લાખ લોકો ભગવાન કૃષ્ણના દર્શન કરે છે. રાજયમાં લોકપ્રિય યાત્રાધામોમાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રીત કરતા હોસ્પિટાલીટી બ્રાન્ડ સોમનાથ અને અંબાજી જેવા અન્ય સ્થળોમાં પણ વિસ્તરણની યોજના ધરાવે છે. હોસ્પિટાલીટી બ્રાન્ડનો સૌ પ્રથમ પ્રોજેકટ દૈવિક હોટેલ્સ તમીલનાડુમાં રામેશ્વરમ ખાતે કાર્યાન્વિત થઈ ગયો છે અને આંધ્રપ્રદેશના તિરૂપતિ ખાતે તેમનો ફલેગશીપ પ્રોજેકટ શરૂ થશે.

સમગ્ર દેશમાં પવિત્ર યાત્રાધામોમાં ઉચ્ચ ગુણવત્તા યુકત બ્રાન્ડેડ પ્રોડકટસ માટે તીવ્ર માંગ અને પુરવઠા વચ્ચે વ્યાપક અંતર હોવાને કારણે અમે પીલીગ્રીમેજ હોસ્પિટાલીટી ક્ષેત્રે પ્રવેશવાનો નિર્ણય કર્યો છે. આપણા દેશમાં 'સામાજીક હેતુ માટે પ્રવાસ' બાદ યાત્રા માટેના પ્રવાસીઓની સંખ્યા સૌથી વધુ છે. આ જોડાણ અમને આ ક્ષેત્રમાં નિપુણ અને વ્યાપક અનુભવ ધરાવતા સ્થાનિક ઉદ્યોગ જુથ સાથે જોડાવાની તક પુરી પાડે છે. આ અનુભવ અમને ગુજરાત અને ભારતમાં પીલગ્રીમ ટુરીઝમ અને હોસ્પિટાલીટી ઉદ્યોગમાં નવાં પરીણામો રજુ કરવાની તક પુરી પાડશે.